## જેમના સ્પર્શ થી પિતળ પણ સોનુ થઇ જાય તેવા ભાજપના હોનહાર આગેવાન શ્રી મુકેશ સંઘાણીનું સેવાનું સ્વપ્ન સારહી તપોવન સાકાર બની રહયું છે

# બગસરાથી મહુવા, રાજુલાથી બાબરા સુધી આમંત્રણ પાઠવાયા

### યુવા ભાજપના આગેવાન તરીકે ભાજપના સંગઠનમાં સૌથી વધુ યુવાનોને જોડનાર શ્રી મુકેશ સંઘાણીનો નિરાધારોની સેવા કરવાનો સારહી તપોવનનો નિર્ધાર પુર્ણતાના આરે

### શ્રી કૌશિક વેકરીયા, શ્રી હિરેન હીરપરા, શ્રી અંબરીષ ડેર, શ્રી ભરત સુતરીયા સહિતના કાર્યકરોનું ઘડતર કરનાર શ્રી મુકેશ સંઘાણી શ્રી કસવાળાના સાથીદાર રહી ચુકયા છે



અમરેલી,(ફીલ્ડરિપોર્ટર)

જેમના સ્પર્શ થી પિતળ પણ સોનુ થઈ જાય તેવા ભાજપના હોનહાર આગેવાન શ્રી મુકેશ સંઘાણીનું સેવાનું સ્વપ્ન સારહી તપોવન સાકાર બની રહયું છે તા. ૧૦મીએ પુજય મોરારીબાપુના વરદ હસ્તે જેમનું લોકાપર્ણ થનાર છે તે અવસર માટે બગસરાથી મહુવા, રાજુલાથીબાબરાસુધીઅનેછેકસુરતમાં આમંત્રણ પાઠવાયા છે.નાનપણથી એબીવીપી અને ત્યાર બાદ યુવા ભાજપના આગેવાન તરીકે અમરેલી જિલ્લાથી લઈ પ્રદેશ સુધી ભાજપના સંગઠનમાં સૌથી વધુ યુવાનોને જોડનાર શ્રી મુકેશ સંઘાણીનો નિરાધારોની સેવા કરવાનો સારહી તપોવનનો નિર્ધાર પુર્ણતાના આરે છે તેના માટે તેમની ટીમ દ્વારા તડામાર તૈયારીઓ કરાઈ રહી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, શ્રી મુકેશ સંઘાણીના હાથમાં શ્રી કૌશિક વેકરીયા, શ્રી હિરેન હીરપરા, શ્રી અંબરીષ ડેર, શ્રી ભરત સુતરીયા સહિતના કાર્યકરોનું ઘડતર થયું છે અને શ્રી મુકેશ સંઘાણી શ્રી કસવાળાના સાથીદાર રહી ચુકયા છે તેમના આ સેવાના સ્વપ્ન સારહી તપોવન આશ્રમને સાકાર કરવા માટે તેમણે રાજકીય તથા સામાજીક અને આમ આદમીને સાથે જોડયા છે તેમા દરેક સમાજને નાતજાતથી પર રહી દરેક પાસેથી નાનીથી મોટી રકમ આ મહાયજ્ઞ માટે એકત્ર કરી છે અને સૌનો સહયોગ મેળવવામાં સફળતા મેળવી છે.આજે અહી સારહી તપોવન આશ્રમે હોમાત્મક નવચંડી યજ્ઞ યોજાનાર છે.સાથે સાથે શ્રી મુકેશ સંઘાણી દ્વારા સર્વને એવી અપીલ પણ કરાઈ છે કે, આપની આસપાસ કોઈ નિરાધાર વૃધ્ધ હોય તો તેને સારહી તપોવન આશ્રમે પહોંચડવા અથવા તો અમને મો.૮૦૦૬૪૯૯૦૦૦માં જાણ કરવી.

## પૂર્વ ધારાસભ્યશ્રી અંબરીષ ડેર અને કોંગ્રેસના શ્રી અર્જુન મોઢવાડીયાએ ભાજપમાં કેસરિયા કર્યા બાદ

# પ્રદેશ પ્રમુખ શ્રી પાટીલ આજે રાજુલામાં

### રાજુલા જાફરાબાદ ખાંભા વિસ્તારના અસંખ્ય કોંગ્રેસ આગેવાનો કાર્યકરો આજે ભાજપમાં જોડાશે

### શ્રી સી. આર. પાટીલ સાથે શ્રી હિરાભાઇ સોલંકી સહિત ભાજપના અનેક આગેવાનોની ઉપસ્થિતિ



અમરેલી,

આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને રાજુલાના પૂર્વ ધારાસભ્યશ્રી અંબરીષ ડેર અને કોંગ્રેસના શ્રી અર્જુન મોઢવાડીયાએ ગાંધીનગર કમલમ ખાતે કેસરિયા કર્યા બાદ શ્રી અંબરીષ ડેરના બે હજાર જેટલા સમર્થકો આજે ભાજપમાં જોડાવવાના હોવાથી ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી સી.આર. પાટીલ રાજુલા આવી રહ્યા છે. ૨૦૨૪માં લોકસભા ચૂંટણીને લઈ સૌરાષ્ટ્રના રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. રાજુલા જાફરાબાદ વિસ્તારના પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષ ડેરે કેસરિયા કર્યા બાદ ભાજપમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હિરાભાઈ સોલંકીને ભાવનગર લોકસભા લડાવવાની વાતોએ પણ જોર પકડયું છે. જેને કારણે ચર્ચાઓ વ્યાપક બની હતી. આ અંગે ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકીએ અવધ ટાઈમ્સ સાથે વાતચીત કરતા જણાવ્યું કે હું ભાજપમાં બધાને આવકારૂ છું પાર્ટીએ જે નિર્ણય કર્યો તે સ્વીકારવાનું હોય જ છે બીજી બધી વાતો ખોટી છે તેમ હિરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું. અનેક ચર્ચાઓ વચ્ચે આજે શ્રી અંબરીષ ડેરના સમર્થકોને રાજુલા ખાતે પ્રદેશ પ્રમુખ શ્રી પાટીલ આવકારશે. ભાજપ પ્રવેશ અંગે ભારે ઉત્સાહ સાંપળી રહ્યો છે.

### રાજુલા જાફરાબાદના આગેવાનો કાર્યકરોમાં ભારે ઉત્સાહ છાવાયો

### રાજુલામાં કોંગ્રેસના કાર્યકરોને ન ગભરાવા અને ભાજપમાં ન જવા શ્રી વરૂની અપીલ

અમરેલી,રાજુલાના પૂર્વ ધારાસભ્ય શ્રી અમરીષભાઈ ડેરે ભાજપમાં જોડાયા છે પરંતુ રાજુલા જાફરાબાદ ના કોંગ્રેસના કોઈ કાર્યકરોએ ભાજપમાં ન જોડાવા હું આપ સર્વેને અપીલ કરું છું આપણે સૌ સાથે મળી કોંગ્રેસને મજબૂત કરશું તેમ કોંગ્રેસના અડીખમ આગેવાન શ્રી ટીકુભાઈ વરૂએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે

### અવસાન નોંધ

સાવરકુંડલા

ડાયમબેન સુલતાન અલી ધનકોટ (ઉ.વ. ૮૬)તે મ. અબ્બાસ ભાઈ અબ્દુલહુસેન ચોપડાવાળા (આશના જનરલ સ્ટોર વાળા) ના બૈરો તે સૈફુદીનભાઈ પાલીતાણા વાળા ના મામી તથા ફરીદાબેન સૈફુદિનભાઈ પાલીતાણા વાળા ના મા સાહેબા તા ૫-૩-૨૦૨૪નારોજવફાતથયેલછે.તેમનીજીયારત તથા ફાતેહા ના સિપારા તા. ૭.૩.૨૪. ને ગુરુવાર ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે ઈઝી મસ્જિદ સાવરકુંડલા મુકામે રાખેલ છે

# લાઠી નજીક હરસુરપૂર દેવળીયા ગામેથી બોગસ ડોક્ટરને પકડી પાડતી અમરેલી એસઓજીની ટીમ



અમરેલી, અમરેલી એસોજી ની ટીમ આજે બોગસ ડોક્ટરને ઝડપી લેવામાં આવ્યો હતો જેમાં લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ પર હતી તે દરમિયાન બાતમીના આધારે હરસુરપુર દેવળીયા ગામ ખાતે ભીમાણી પરિવારના કુળદેવી માતાજીના મંદિરની પાછળના ભાગે શેરીમાં રહેણાંક મકાનમાં ગેરકાયદેસર નામ વગરનું દવાખાનું ચાલતું હોય છે જેથી તે જગ્યા પર મેડિકલ ઓફિસર તથા ફાર્માસિસ્ટ સાથે રેડ કરતા રમેશચંદ્ર જીવરામભાઈ ત્રિવેદીને એલોપેથિક દવાઓ તથા દવાઓની બોટલ ઈન્જેક્શન સહિત મેડિકલ ને લાગતા સાધન સામગ્રી ના જથ્થા સાથે ઝડપી લેવામાં આવ્યો હતો.


## "AVADH TIMES"

Statement about ownership and other particulars about Newspaper AVADH TIMES to be published in the first issue every yeara after last day of february.

### (FORM IV)
(See Rule 8)

| | |
|---|---|
| 1. Place of publication | Amreli |
| 2. Periodicity of its Publication | Daily |
| 3. Printer's Name<br>Nationality-Whether citizen of India (if foreigner state the country of origin)<br>Address | Bharatkumar D. Chauhan<br>Indian<br>Avadh times karyalay, Girtharbhai Sangralaya, opp.Head Post Office, Amreli- 365601 Gujarat |
| 4. Publishers Name<br>Nationality-Whether citizen of India (if foreigner state the country of origin)<br>Address | Bharatkumar D. Chauhan<br>Indian<br>Avadh times karyalay, Girtharbhai Sangralaya, opp.Head Post Office, Amreli- 365601 Gujarat |
| 5. Editors Name<br>Nationality-Whether citizen of India (if for eigner state the coun try of origin) Address | Bharatkumar D. Chauhan<br>Indian<br>Avadh times karyalay, Girtharbhai Sangralaya, opp.Head Post Office, Amreli- 365601 Gujarat |
| 6. Name and Address of Individuals who own the Newspaper\Publication and Patners or shareholders hold ing more then one Amreli-365601 per cent of the total capital. | Bharatkumar D. Chauhan<br>Avadh times karyalay, Girtharbhai Sangralaya, opp.Head Post Office, Amreli |

I Bharat D.Chauhan here by declare that the Particulars givin above are tru to the best of my knowledge and beleif.

Bharat D.Chauhan
Publisher
Girtharbhai Sangralaya,
opp.Head Post Office,Amreli.

Date-05-03-2024



... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સૌનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ — ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC — પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા





આ છે અહીંની વિશેષતાઓ...
• વિક્ટ્રીફાઇ ટાઇલ્સ • સ્ટાન્ડર્ડ ક્વોલીટીમાં બાથરૂમ ફીટીંગ
• સ્ટાન્ડર્ડ બારી દરવાજા • મેઇન ગેટે સિક્યુરીટી
• ગ્રેનાઇટ પ્લેટફોર્મ • ૨૪ કલાક જનરેટરની સુવિધા
• આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
• સ્ટીલ ગ્રેલીંગ • આર.સી.સી. રોડ
• સીસીટીવી કેમેરાથી સુસજ્જ
અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ કલીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પદ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જવેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust





HF Deluxe Motorcycle કેશ બોનસ ₹2100 | Super Splendor Xtec કેશ બોનસ ₹2100 | Destini125 (Not Prime) કેશ બોનસ ₹2100 | Xoom & Pleasure એક્ષચેન્જ બોનસ ₹3000
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

મોકાનું મકાન વેચવાનું છે
ચક્કરગઢ રોડ, રામવાડી-૪, લેઉવા પટેલ શૈક્ષણિક સંકુલ નજીકમાં દોઢ વસા જમીનમાં કોર્નરનું, બંને બાજુ ૨૦ ફુટ પેવર રોડ પાણીના દારની સુવિધા, ફુલ ફર્નિશવાળુ મકાન માલીકને બહાર જવાનું હોવાથી તાત્કાલીક વેચવાનું છે ફોરવ્હીલ પાર્કિંગની સુવિધા સાથે
સંપર્ક સમય : રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦
સંપર્ક : મો.૯૪૨૯૨ ૨૨૦૧૮

સ્વાદના શોખીનો માટે ખુશખબર...
સત્ અમર
રાજસ્થાની સ્પે.દાલબાટી
માત્ર રૂા.૧૩૦/- માં અનલીમીટેડ
મો.૯૭૧૨૧ ૭૦૬૪૮, ૯૯૭૯૩ ૯૭૩૦૨, ૯૯૨૫૧ ૭૪૨૨૯
બ્રાન્ચ : ભેસાણ - જુનાગઢ
સ્થળ : લાઠી રોડ, લાલાવાવ હનુમાન મંદિરની આગળ, સોનાલીકા ટ્રેકટરના શો-રૂમની સામે, અમરેલી

II બજરંગ સ્ટીલ II
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઇઝ પાઇપ, બાઇન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળ : લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઇ વી.ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

દુકાન ભાડે આપવાની છે
ઠે.હિરકબાગ શોપીંગ સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, દુકાન નં.૮૧ અમરેલીમાં અતિ મોકાની દુકાન ભાડે આપવાની છે.
સંપર્ક : મો.૯૪૨૭૨ ૫૧૬૯૦, ૯૮૯૮૩ ૭૨૭૪૪

અમરેલીમાં મોકાનું મકાન વેચવાનું છે
ચક્કરગઢ રોડ ઉપર, પટેલ સંકુલની સામેનાં વિસ્તારમાં અતિ મોકાનું 3 BHK ટાઇટલ ક્લિયર લોનેબલ મકાન વ્યાજબી ભાવમાં વેચવાનું છે. કિંમત માત્ર રૂા.૧૭.૫૧ માં જ
સંપર્ક : મો.૭૮૭૪૪ ૦૭૦૦૭

જય રામદેવ ટ્રાવેલ્સ
ખાંભા, ધારી, તાતણીયા, નેસડી, અમરેલી NON AC
વિસાવદર, ધારી, અમરેલી NON AC
વાયા : આણંદ, વડોદરા સીટી, શાણી જકાતનાકા, કાલાઘોડા, લાલબાગ, ફતેગઢ, જાંબવાબીજ, ભરૂચ, અંકલેશ્વર, સુરત
ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી
મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૪૨૮૩ ૪૧૪૩૨, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૭૨૭૪ ૯૭૭૨૫, ૯૪૨૬૨ ૬૪૬૩૮ : Online booking : www.jayramdevtravels.com

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

મકાન વેચવાનું છે
અમરેલીમાં લીલીયા રોડ, શ્યામનગર-૧ માં 4BHK સંપુર્ણ સગવડતા સાથેનું ૧ વસો જગ્યા ધરાવતુ પાણીના દાર સહિતનું મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૭૯૮૪૮ ૭૪૦૫૭

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

જમીન વેચવાની છે
અનેક સગવડ સાથે અમરેલી ચિતલ હાઇવે ટચ જમીન કસમાં વેચવાની છે
-:: સંપર્ક ::-
મો.૮૮૪૯૭ ૯૭૮૮૩

ભારતમાં જુઓ હવે ભગવો લહેરાયના તાલ સાથે મહિલા મોરચા દ્વારા રાસની રમઝટ : આજ સુધી કોઇ ઉમેદવારને ન મળ્યો હોય તેવો પ્રચંડ પ્રતિસાદ

# રાજકોટમાં શ્રી રૂપાલાને અભુતપુર્વ આવકાર : ભવ્ય સ્વાગત

કુવાડવા ત્રિમંદિરથી શ્રી રૂપાલાનું ભવ્ય સ્વાગત રાજકોટમાં શ્રી રણછોડદાસબાપુના આશ્રમ, પારેવડીચોકમાં ટ્રાફીક જામ જેવી સ્થિતિ : શ્રી રૂપાલા સાથે સેલ્ફી લેવા પડાપડી

શ્રી રૂપાલા સજોડે ત્રિમંદિરમાં દર્શન કરી ભાજપના ચૂંટણી કાર્યાલયે ગયા : કાર્યાલય ખાતે ભાજપના કાર્યકરોને મળ્યા : રાજકોટ ભાજપમાં ઉત્સાહ, ઉમંગના ઘોડાપુર ઉમટયા

શ્રી ધનસુખ ભંડેરી સહિત રાજકોટના દિગ્ગજ આગેવાનોએ શ્રી રૂપાલાનું સ્વાગત કર્યુ :અમરેલીથી શ્રી અશ્વીન સાવલિયા એ શ્રી રૂપાલાને કામળી ઓઢાડી સ્વાગત કર્યુ : શ્રી રૂપાલાના કાર્યકરો, ચાહકો અમરેલીથી રાજકોટ પહોંચ્યા



## પારેવડી ચોક ખાતે શહેરની તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા : ભારત માતા કી જય, વંદેમાતરમ નારાથી વાતારવણ ગુંજી ઉઠયું : શ્રી રૂપાલાનું રાજકોટમાં આતીશબાજી અને ડી.જે.ના સંગાથે પરંપરાગત ઢોલ, શરણાઈના સુર અને કુમકુમ તીલક સાથે ઉમળકાભેર ભવ્ય સ્વાગત કરાયું

રાજકોટ,(ફીલ્ડ રિર્પોટર)

આજે રાજકોટનાં ઈતિહાસમાં અત્યાર સુધી કોઈ ઉમેદવારને ન મળ્યો હોય તેવો પ્રચંડ પ્રતિસાદ અમરેલીના પનોતા પુત્ર શ્રી પરશોત્તમ રૂપાલાને મળ્યો હતો.

રાજકોટના ભાજપના ઉમેદવાર તરીકે જાહેર થયેલા ભાજપના સૌને સાંભળવા ગમે તેવા અને એક ઘા અને બે કટકાની શૈલીથી જાણીતા અમરેલીના પનોતા પુત્ર શ્રી પરશોત્તમ રૂપાલા આજે પ્રથમ વખત રાજકોટ જતા તેમનું 'ભારતમાં જુઓ હવે ભગવો લહેરાય'ના તાલ સાથે ભાજપના મહિલા મોરચા દ્વારા રાસની રમઝટ સાથે સ્વાગત કરાયું હતુ રાજકોટમાં ભાજપના દિગ્ગજ આગેવાન અને ઉમેદવાર શ્રી રૂપાલાને અભુતપુર્વ આવકાર મળ્યો હતો તેમનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરાયું હતુ.કુવાડવા ત્રિમંદિરે શ્રી રૂપાલાએ સજોડે દર્શન કર્યા હતા રાજકોટમાં શ્રી રણછોડદાસબાપુના આશ્રમ,પારેવડીચોકમાં શ્રી રૂપાલાના ચાહકો એકત્ર થતા ટ્રાફીક જામ જેવી સ્થિતિ સર્જાઇ હતી અને શ્રી રૂપાલા સાથે સેલ્ફી લેવા પડાપડી થઈ હતી.

શ્રી પરશોત્તમ રૂપાલા સજોડે ત્રિમંદિરમાં દર્શન કરી ભાજપના ચૂંટણી કાર્યાલયે ગયા અને કાર્યાલય ખાતે ભાજપના કાર્યકરોને મળ્યા હતા શ્રી રૂપાલાની પહેલી મુલાકાતથી રાજકોટ ભાજપમાં ઉત્સાહ,ઉમંગના ઘોડાપુર ઉમટયા હતા.

આગામી લોકસભાની ચુંટણીના રાજકોટ-૧૦ લોકસભાના ઉમેદવાર તરીકે જાહેર થયા બાદ પરશોતમભાઈ રૂપાલા સૌપ્રથમવાર રાજકોટ પધારતા હોય તેઓ શ્રી રણછોડદાસજી આશ્રમે શ્રી રણછોડદાસજીના આર્શીવાદ લઈને રાજકોટના પારેવડીચોક આવ્યા ત્યારે શહેર ભાજપ દ્વારા ભારત માતા કી જય, વંદે માતરમના નારા સાથે વાતાવરણ ગુંજી ઉઠયું હતું. આ દરમિયાન શહેર ભાજપ દ્વારા ભવ્યાતિ ભવ્ય સ્વાગત કરતી વેળાએ આતશબાજી અને ડી.જે.ના સંગાથે ભારતમાં જુઓ હવે ભગવો લહેરાયના તાલ સાથે મહિલા મોરચા દ્વારા રાસની રમઝટ બોલાવી હતી અને ડી.જે. ઢોલ નગારાના નાદ વગાડી,શરણાઈના સુર સાથે સ્વાગત કરાયું હતુ.

આ તકે મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, અરવિંદભાઈ રૈયાણી, મુકેશભાઈ દોશી, ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, શ્રી પ્રદીપ ડવ, બીનાબેન આચાર્ય, અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, નયનાબેન પેઢડીયા, લાખાભાઈ સાગઠીયા, નિતીનભાઈ ભારદ્વાજ, દુલર્ભજીભાઈ દેથરીયા, સુરેશભાઈ ગોધાણી સહિતનાએ શ્રી પરશોતમભાઈ રૂપાલાને પુષ્પગુચ્છ આપી ફુલહાર કરવામાં આવેલ અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે શ્રી પરશોતમભાઈ રૂપાલાએ કહયું હતું કે ભાજપનો કાર્યકર્તા છું, પરંતુ પહેલો સગો પાડોશી એટલે પાડોશીધર્મ પહેલા બજાવીશ તેવો સુર વ્યકત કર્યો હતો.

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ શહેર ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો પરશોતમભાઈ રૂપાલાએ લોકસભાના કાર્યાલય ખાતે કાર્યકર્તાઓને મળ્યા હતા. અને આજ રોજ સાંજે રામનાથ મહાદેવ મંદિરે શીશ ઝુકાવી અને ત્યારબાદ વિવિધ મંદિરોના સંતો મહંતોને મળી આર્શીવાદ ગ્રહણ કરેલ હતા અને રાત્રે પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ જુના આગેવાનો સાથે મેયર બંગલા ખાતે બેઠક યોજવામાં આવેલ.

રાજકોટ ૧૦ લોકસભા ચૂંટણી કાર્યાલયના ઈન્ચાર્જ શ્રી દશરથભાઈ વાળા અને શ્રી મયુર શાહ દ્વારા શ્રી રૂપાલાનું સ્વાગત કરાયું હતુ અને જંગ માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

### ભાજપનો કાર્યકર્તા છું, પહેલો સગો પાડોશી એટલે પાડોશીધર્મ પહેલા બજાવીશઃ શ્રી પરશોત્તમ રૂપાલા

### શ્રીપરશોતમભાઈ રૂપાલાએ શ્રી રણછોડદાસજીના આશ્રમે શ્રી રણછોડદાસજીના આર્શીવાદ લીધા

### રાજકોટ ૧૦ લોકસભાના સાંસદના ઉમેદવાર તરીકે પરશોત્તમ રૂપાલા સૌ પ્રથમવાર રાજકોટ ખાતે પધારતા શહેર ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું

જ્યાથી શ્રી મોદી લડયા હતા તે રાજકોટની બેઠકમાં શ્રી રૂપાલા રેકર્ડબ્રેક મતે જીતશે

# શ્રી રૂપાલાની અભુતપુર્વ લોક ચાહના અમરેલીથી કાર્યકરો રાજકોટ પહોંચ્યા

અમરેલીથી અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વીન સાવલીયાએ શ્રી પરશોત્તમ રૂપાલા અને શ્રીમતી સવિતાબેન રૂપાલાનું કામળી અને ફુલહારથી રાજકોટમાં સ્વાગત કરી મો મીઠુ કરાવ્યું



અમરેલી,શ્રી પરશોત્તમ રૂપાલાની અભુતપુર્વ ચાહના દેખાઈ હતી તે ઉમેદવાર જાહેર થયા પછી પહેલી વખત રાજકોટ આવતા અમરેલીથી કાર્યકરો રાજકોટ પહોંચ્યા હતા અને ત્યા પણ લોકોમાંથી શ્રી રૂપાલાને મળેલ સ્વયંભુ આવકાર પછી એવો મત વ્યકત કરાયો છે કે, જ્યાથી શ્રી મોદી લડયા હતા તે રાજકોટની બેઠકમાં શ્રી રૂપાલા રેકર્ડબ્રેક મતે જીતશે શ્રી રૂપાલાના સ્વાગતમાં રાજકોટથી શ્રી મોહનભાઈ કુંડારીયા,ધારાસભ્ય શ્રી દર્શીતાબેન શાહ, શ્રી મુકેશભાઈ દોશી, શ્રી અજીત ભીમજીયાણી શ્રી કાંતિભાઈ અમૃતીયા અમરેલીથી શ્રી અશ્વીન સાવલીયા, શ્રી અપર્ણ જાની, શ્રી મનીષભાઈ ગોલ ડાયરેકટર ગોંડલ એપીએમસી, શ્રી અશોકભાઈ ગીડા, શ્રી કમલેશ કોરાટ, શ્રી ઘનશ્યામ ત્રાપસીયા,શ્રી ભુપેન્દ્રભાઈ બસિયા,શ્રી પ્રવિણભાઈ માંગરોળીયા, શ્રી વિજયભાઈ કોઠીવાળ, શ્રી સંજય ગઢવી, અમરેલીથી સંખ્યાબંધ લોકો કાર્યકરો ગયા.

અમરેલીથી અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વીન સાવલીયાએ શ્રી પરશોત્તમ રૂપાલા અને શ્રીમતી સવિતાબેન રૂપાલાનું કામળી અને ફુલહારથી રાજકોટમાં સ્વાગત કરી મો મીઠુ કરાવ્યું હતુ.

અમરેલીના પનોતાપુત્ર શ્રી રૂપાલા એક કલાક માટે ઇશ્વરીયાની મુલાકાતે

# આજે શ્રી પરશોત્તમ રૂપાલા ઇશ્વરીયા મહાદેવે શીશ નમાવી માતુશ્રીના આર્શીવાદ મેળવશે

### આજે બપોરે શ્રી રૂપાલા ઇશ્વરીયા આવશે : ઇશ્વરીયાથી રાજકોટથી દિલ્હી જશે

અમરેલી,

કેન્દ્રીય પશુપાલન મંત્રી અને અમરેલીના પનોતાપુત્ર શ્રી પરશોતમભાઈ રૂપાલાની રાજકોટ લોકસભા બેઠકમાં ભાજપના ઉમેદવાર તરીકે પસંદગી થતાં શ્રી રૂપાલાના જાહેર થયેલા પ્રવાસ કાર્યક્રમ મુજબ તા. ૫નું રાત્રી રોકાણ રાજકોટ કર્યા બાદ તા.૬ને બુધવારે સવારે ૧૦ વાગ્યે રેલનગર રાજકોટ ખાતે નારી શકિત વંદન કાર્યક્રમમાં હાજરી આપી રૂા.૨૫૦ કરોડના સેલ્ફ હેલ્પ મહિલા ગૃપોને સહાય વિતરણમાં ફિઝીકલી મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમમાં હાજરી બાદ બપોરે ૧ વાગ્યે અમરેલી અને ૩ વાગ્યે ઈશ્વરીયા થઈને સાંજે ૫ વાગ્યે રાજકોટ જશે ત્યાંથી ૧૯ કલાકે હિરાસર એરપોર્ટથી શ્રી રૂપાલા દિલ્હી જવા રવાના થશે તેમ જણાવ્યું છે.

શ્રી રૂપાલા ઉમેદવાર જાહેર થયા બાદ પ્રથમ વખત ઈશ્વરીયા આવી રહયા છે અને ઈશ્વરીયા મહાદેવે તે શીશ નમાવશે તથા માતુશ્રીના આર્શીવાદ મેળવશે તેમ મદદ કાર્યાલય અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૬-૦૩-૨૦૨૪ બુધવાર

# ભારત સહિત દુનિયાભરમાં ગરીબ-તવંગર ખાઈ વધુ મોટી થઈ રહી છે એ માટે જવાબદાર કોણ?

આમ તો અગાઉના કોરોનાકાળ પછી દેશના સમુદાયોની આર્થિક અસમાનતામાં અનેકગણો વધારો થયો છે. આધુનિક યુગની શરૂઆત થઈ પછી નાણાં કમાવાનો જે યુગ આવ્યો એણે ગરીબ અને તવંગર વચ્ચેની ખાઈ બહુ વિસ્તૃત કરી. આપણે ત્યાં એક જમાનો એવો હતો કે મધ્યમ વર્ગથી ઉપરના સ્તરે ઉચ્ચ મધ્યમ વર્ગ જેવો એક વર્ગ હતો. વાસ્તવિક રીતે જુઓ તો એ વર્ગ હવે લુપ્ત થઈ મહત્ કિસ્સાઓમાં તો જેઓ એ વર્ગમાં હતા તેઓ હવે મધ્યમ વર્ગમાં આવી ગયા. એનો અર્થ જ એ થાય છે કે જેઓ મધ્યમ પગથિયે હતા તેઓ પણ એક પગથિયું નીચે ઉતર્યા.

જેને સુપર રિચ એટલે કે મહાશ્રીમંત કહેવાય તેવા લોકો તેમણે ચૂકવવાના થતા કરવેરાથી ત્રીસ ટકા ઓછો ટેક્સ ભરે છે. કોરોનાકાળ પછી તો ભલભલા લોકો આર્થિક સંકડામણનો ભોગ બન્યા છે. જે પરિવારમાં ત્રણ કે ચાર પગાર આવતા હતા તેમાંથી એક આખો પગાર જ ઓછો થઈ ગયો છે. અને નવયુવાનો કે યુવતીઓ કે જેણે નોકરીએ લાગવાનું છે તેને નોકરી મળવાનો કોઈ અણસાર હજુ દેખાતો નથી.

અતિ તેજસ્વી યુવાનો પાટે ચડી જતાં હોય છે પરંતુ એમની ટકાવારી તો સાવ નહિવત્ છે. આપણા દેશમાં પંચાણુ ટકા વિદ્યાર્થીઓ તો રખડતા-ભટકતા જ ભણતા હોય છે. એવા ઉપલક જ્ઞાનનું કદી નાણાંમાં રૂપાંતર થતું નથી. આપણા શિક્ષકોની પેઢીઓની પેઢીઓ બહુ જ એવરેજ જ્ઞાન ધરાવે છે. એમના ઘર પર દરોડા પાડો તો પાઠ્યપુસ્તક સિવાયનો એક પણ ગ્રંથ ન મળે. એવા લોકો નવી પેઢીને શું જ્ઞાન આપવાના ?

દેશની જે કઠણાઈ બેઠી છે એને માટે ભલે બધા મિસ્ટર મોદીને જવાબદાર માને પરંતુ આ કઠણાઈના ખરા કારણો વિદ્યાક્ષેત્રમાં પડ્યા છે. વળી આવનારા પચીસેક વરસમાં તો શિક્ષકોમાં પરમ પૂજનીય વિદ્વત્તાનું પ્રાગટ્ય થાય એવા કોઈ ચિહનો દેખાતા નથી. એટલે કે જેણે શ્રેષ્ઠ વિદ્યા મેળવવી છે એણે તો જાતે જ એકલવ્યનો અવતાર ધારણ કરવો પડે.

દેશનું અર્થતંત્ર હવે કોરોનાની નવી કોઈ લહેરના સંભવિત ઉત્પાતની ચિંતા કર્યા વિના પૂર્વવત્ થઈ ગયું છે. લોકો કોરોના નામના દુઃસ્વપ્નને વીસરી ગયા છે. મહારાષ્ટ્રમાં ડેલ્ટા પ્લસનો આતંક પ્રારંભિક તબક્કે ડોકાયા પછી સદભાગ્યે લાપતા થઈ ગયો છે. તો પણ ચીનના વિવિધ શહેરોમાં અનિશ્ચિત મુદત સુધીના લોકડાઉનની નવેસરથી સૂચના મીડિયામાં તરતી દેખાય છે એ પણ નવી અણધારી લહેરનું પરિણામ છે.

કોરોના અને તેની નવી આવૃત્તિઓને સમજવામાં વૈજ્ઞાનિકો અપાર પરિશ્રમ ઉઠાવી રહ્યા છે પરંતુ એનો કોઈ કેડો કે છેડો હજુ મળતો નથી. સોશિયલ મીડિયામાં નવી લહેર પાણીમાંથી આવવાની જે અફવાઓ વહેતી થઈ છે એને તબીબી વિજ્ઞાનનું સમર્થન નથી. આમ તો છેલ્લા બે વર્ષથી દુનિયા ગરમ એટલે કે હૂંફાળું પાણી જ પી રહી છે.

શિક્ષણ અને અર્થતંત્રને નિત્યના સામાન્ય ધોરીમાર્ગ પર લાવવાનું કામ દેખાય છે એટલું આસાન નથી. ઉપભોક્તાનો મોટો સમુદાય બજાર પરત્વે ઉદાસીન છે. એટલે કે દુનિયા હવે શોપિંગ મેનિયાથી મુક્ત થઈને વોશિંગ મેનિયામાં ફસાઈ ગઈ છે. હાથ ઔર મુઁહ કો બાર બાર સ્વચ્છ રખ્ખે...! બજારમાં ડિમાન્ડ અસ્તાચળના આરે છે. એને ફરી રંગગુલાબી થતાં સમય લાગશે. કારીગરો ઘટાડવામાં આવ્યા છે. માલનો સ્ટોક વધી ગયો છે અને બજારમાં ડિમાન્ડ ઠંડી છે. છતાં પ્રજાનો આત્મવિશ્વાસ અભિવૃદ્ધ થયો છે. વેક્સિનની અનુપલબ્ધિના છબરડાઓ સહિત પ્રમાણમાં ભારે સફળતાપૂર્વક રસિકરણ કાર્યક્રમ આગળ ધપી રહ્યો છે અને એનો જ વર્તમાન અર્થકારણ પર ઘણો સકારાત્મક પ્રભાવ દેખાય છે.

દેશની આર્થિક બાબતોની ચર્ચા કરીએ ત્યારે ગુજરાતની વાત અલગ રીતે કરવી પડે. કારણ આર્થિક સભાનતા આપણી પ્રજામાં છે એવી તો અન્ય કોઈ રાજ્યની પ્રજામાં નથી, પરંતુ સમગ્ર દેશની વાત કરો તો અન્ય રાજ્યોમાં હાલત હવે એ થવા આવી છે કે ચપટીક લોકો જ શ્રીમંત છે અને બીજા બધા જ સંઘર્ષ કરે છે. પૈસા માટે નિત્યનો કે માસિક અથવા વાર્ષિક સંઘર્ષ ન જ કરવો પડે એ ખરી શ્રીમંતાઈ છે.

જેમણે નાણાંનું પ્રોવિઝન કરવા તર્ક લડાવવા પડે તેઓ તો સંઘર્ષ કરતા વર્ગમાં આવે. આવા સંઘર્ષશીલ લોકોની સંખ્યામાં છેલ્લા બે-ત્રણ વરસમાં એટલે કે કોરોનાકાળમાં અગણિત વધારો થયો છે તે ભારતીય અર્થતંત્રની અને સાંયોગિક વાયરસની એક વિષાદી ફલશ્રુતિ છે. જો કે સરકારને બચાવવા મેદાનમાં પડેલા અર્થશાસ્ત્રીઓ સતત એવું બ્યુગલ બજાવતા રહે છે કે, સુખી - દુઃખી વચ્ચેની ખાઈ હવે જાણે કે રહી જ નથી.

કોરોનાએ તો જેઓ દુઃખી હતા એમને તો અધિક યાતના આપી, પરંતુ જેઓ સુખી હોવાના ખ્યાલમાં હતા તેઓના રથ પણ ધરતી પર નીચે ઉતારી આપ્યા. દેશના નાણાં પ્રધાનના મનઘડંત તરંગો જોતા એમ લાગે છે કે તેઓ જેમની પાસેથી અર્થશાસ્ત્રની (અ)વિદ્યા ભણ્યા તેઓ કોઈ એક અર્થમાં તો ભારતશત્રુ હોવા જોઈએ. ધમધમાટ ચાલતા ભારતીય અર્થતંત્રને એનડીએ સરકારે વારંવાર બ્રેક મારવાનું જે દુઃસાહસ કર્યું એનો ભોગ બનેલા દેશમાં લાખો ઉદ્યોગો અને કરોડો કારીગરો છે.

એ તો સિદ્ધાન્ત જ છે કે રાજકીય વ્યાખ્યાનોમાં કરવામાં આવતા દાવાઓમાં જેવું ચિત્ર રજૂ કરવામાં આવે છે તેવું હકીકતમાં કંઈ હોતું નથી. વીસ લાખ કરોડ રૂપિયાની અગાઉની જાહેરાતનું જે થયું એ જ નવી જાહેરાતોનું પણ થવાનું હોય છે. દુનિયાની આર્થિક વિષમતાઓ પર પ્રગટ થયેલા ઓક્સફેમના અહેવાલમાં આર્થિક બાબતોમાં દુનિયાના દરેક દેશોમાં જે અસમાનતા વ્યાપી છે એની નવેસરથી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, કારણ કે હવે આ અસમાનતા સમાજને વિઘટન તરફ દોરી જઈ શકે છે.

આ અહેવાલ કહે છે કે, દુનિયામાં હવે અમીર અને ગરીબ વચ્ચેનું અંતર વધુ ઝડપથી અભિવૃદ્ધ થવા લાગ્યું છે. એક તરફ આત્યન્તિક શ્રીમંતાઈ છે અને બીજી બાજુ આત્યન્તિક ગરીબાઈ છે. સમગ્ર વિશ્વના માત્ર છવ્વીસ અમીરો એવા છે કે એમની પાસેની સંપત્તિ એટલી છે કે દુનિયાના અન્ય કુલ ૩.૮ અબજ લોકોની કુલ સંપત્તિ પણ પેલા છવ્વીસને ઓળંગી શકે એમ નથી. આ હાલત માત્ર ઈતર જગતની જ નથી, ભારતની પણ આ જ સ્થિતિ છે.

એમાં દુનિયાની અનેક સરકારોએ તો 'ઉદ્યોગમિત્ર સરકાર' નું મોડેલ આપવાને બદલે 'ઉદ્યોગપતિ મિત્ર' સરકાર કેવી હોય એનો નમૂનો આપ્યો. રાજનેતાઓ જ્યારે ભારતમાં હોય ત્યારે તેમનો ઘણો સમય ઉદ્યોગપતિઓની પસંદીદા ટોળકી જ લે છે અને દેશ એનાથી અજાણ નથી. ભારતમાં દેશની કુલ એક ટકા વસ્તી એવી છે કે જેની પાસે દેશની પચાસ ટકાથી વધુ સંપત્તિ છે, છેલ્લા બે દાયકાથી આપણે વિકસિત વિશ્વની અર્થવ્યવસ્થા સાથે જોડાવાની તમન્નામાં આર્થિક પ્રયોગો કરતા આવ્યા છીએ.

નવી એકવીસમી સદીમાં આપણે હવે જે વિશ્વનો અનુભવ કરી રહ્યા છીએ તે અનેક પ્રકારના મોહભંગના અવસરો લાવી આપનારો છે. વર્લ્ડ ઈકોનોમિક સમિટ સમક્ષ ઓક્સફેમ દ્વારા રજૂ થયેલા અહેવાલમાં ગરીબો, વધુ ગરીબ થતા જતા હોવાનો જે ઘટસ્ફોટ થયો છે તે આમ તો અનેક દેશોની પ્રજાનો પોતાનો અનુભવ છે. દરેક દેશની સરકાર આજકાલ પોતપોતાની પ્રજા સમક્ષ ગુલાબી ચિત્ર રજૂ કરવાની કુટેવ ધરાવે છે. એમાં કદી સુધારો થવાનો નથી. પ્રચારમાં અસત્ય, વાણીમાં ગપ્પાબાજી અને હકીકતો સાથે ચેષ્ટા કરીને આંકડાઓમાં રમત - એ જ સરકારોની પ્રવૃત્તિ છે.

જ્યારે ચૂંટણી નજીક હોય ત્યારે તો તેઓ હદ બહારના ગુબ્બારાઓ તરતા મૂકે છે, ડિજીટલ ક્રાન્તિ પછી કોઈ નેતા લોકમાનસને આસાનીથી ભરમાવી શકે એમ નથી. ગરીબાઈમાં જેઓ અગાઉ હતા તેઓ હજુ ત્યાં જ નથી, હતા ત્યાંથી વધુ નીચે ઉતર્યા છે એ સૌથી મોટી કરૂણાન્તિકા છે. પ્રજાની આ ટ્રેજેડીને નિષ્ઠુર રાજનેતાઓ પોતાના પ્રચારમાં પુષ્પલતાઓ સાથે કેવી અજાયબ કોમેડીરૂપે નિરૂપે છે એ જોઈને નાગરિકોને રાજકારણ પ્રત્યે તિરસ્કાર જન્મે છે. અમીર- ગરીબની અસમાનતા ઘટે એવા અર્થતંત્રની દેશને જરૂર છે.

### અમરેલી જિલ્લામાં અપમૃત્યુના બે બનાવો બન્યાં

# લાઠીના હસુરપુર દેવળીયામાં પ્રૌઢનું ગળાફાંસો ખાતા અને જાફરાબાદના કોળી કંથારીયામાં પ્રૌઢનું વીજ શોકથી મોત

## બન્ને બનાવોમાં લાઠી પોલીસ અને નાગેશ્રી પોલીસ મથકમાં મોત અંગે અલગ અલગ જાહેર કરાયું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં વધુ બે કમોતના બનાવ નોંધાયા હતાં. જેમાં લાઠીના હસુરપુર દેવળીયામાં પ્રૌઢનું ગળાફાંસો ખાતા તેમજ જાફરાબાદના કોળીકંથારીયાસીમમાં પ્રૌઢનું વીજશોકથી મોત નિપજયાનું જાહેર કરાયું છે.

લાઠી તાલુકાના હસુરપુર દેવળીયામાં દેવીપુજકના સ્મશાન પાસે આવેલ લીમડાના ઝાડે બીલોરસિંહ ભુન્નાભાઈ મુર્યા ઉ.વ.૪૧ની દિકરી દેવળીયા ગામે પોતાના પતિ વેલસિંહ સાથે રહેતી હતી અને તેના ઘરે મરણજનાર બે દિવસથી આવેલ હતાં. તા.૨-૩ના મરણજનારની દિકરી મરણજનારનો ફોન લઈ કહ્યા વગર જતી રહેલ હોય. જે અંગે પોતાને લાગી આવતા લીમડાના ઝાડ સાથે મફલર બાંધી ગળાફાંસો ખાઈ જતા સારવારમાં લઈ જતાં મૃત્યુ નિપજયાનું સંજયભાઈ ઉર્ફે સંજુ ભુન્નાભાઈ મુર્યાએ લાઠી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામના રામભાઈ સોમાતભાઈ મકવાણા ઉ.વ.૫૩ તેના ગામના અમરૂભાઈ રાણીંગભાઈ બોરિચાની કંથારીયા ગામની વાડી વિસ્તારમાં ખેતરમાં કપાસની સાઠીઓ કટરથી કાંપતા હતાં. એ વખતે થ્રેસરની કુકણી જીવતા વીજ વાયર સાથે અડી જતાં વિજ શોક લાગવાથી મોત નિપજયાનું કાનાભાઈ સોમાતભાઈ મકવાણાએ નાગેશ્રી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

### ઘર પાસે ગાળો બોલવાની ના પાડતા

# અમરેલીમાં યુવાન ઉપર હુમલો

## બે શખ્સોએ લાકડા વડે મારમારી હાથે ફેક્ચર કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી બહારપરા પંચદેવના મંદિર પાસે શકિતભાઈ ભુપતભાઈ મકવાણાના ઘર પાસે શૈલેષ નનાભાઈ કોળી, હિકા જગદીશભાઈ કોળી ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા શૈલેષે લાકડાના બટકા વડે માથામાં કપાળ ઉપર તેમજ બીજો ઘા માથામાં મારી હિકાએ લાકડાના બટકા વડે બે ત્રણ ઘા જમણા હાથની કલાઈ પર મારી માથામાં ડાબી બાજુએ પાંચેક ટાકા તેમજ જમણી બાજુ કપાળે બે ટાંકાની ઈજા કરી જમણા હાથની કલાઈમાં ફેકચર કર્યાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# કુંડલાના જીરા નજીક ખાનગી લક્ઝરી બસે બાઇકને હડફેટે લેતા દંપતિ ખંડિત

## બાઇકને હડફેટે લેતાં પતિ પત્નિ પડી જતાં પત્નીનું બસના જોટામાં આવી જતાં મોત નિપજાવી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

સાવરકુંડલા તાલુકાના જીરા ગામે નાના ભમોદ્રા રોડ ઉપર દિપકભાઈ માલાભાઈ ચૌહાણ ઉ.વ.૬૦ તથા તેમના પત્ની હંસાબેન પોતાનું બાઈક જીજે ૧૪ બીબી ૩૪૮૧ લઈને સાવરકુંડલાથી પોતાના ગામ આંબા જતા હોય. તે દરમિયાન રસ્તામાં જીરા ગામ પાસે પહોંચતા પાછળથી હિંમત ટ્રાવેલર્સની બસ જીજે ૧૪ ઝેડ ૦૨૨૨ ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી બીજાની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી પાછળથી બાઈકને ઠોકર મારતા પતિ પત્ની બાઈકમાંથી પડી જતાં દિપકભાઈને શરીરે નાની મોટી ઈજાઓ કરી પત્ની હંસાબેન બસના જોટામાં આવી જતાં ગંભીર ઈજા કરી મોત નિપજાવી નાસી ગયાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### દિકરાને આરોપીની પત્ની સાથે આડા સબંધ હોવાની શંકા રાખી

# ધારીના મીઠાપુર ડુંગરી ગામે દિકરા ઉપર જીવલેણ હુમલો

## મારી નાખવા ઇરાદે કોઇ હથિયાર માથામાં મારતા હેમરેજ કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ધારી તાલુકાના મીઠાપુર ડુંગરી ગામે હરિધામ સોસાયટીમાં રહેતા માવજીભાઈ નથુભાઈ રાઠોડ ઉ.વ.૬૭ના દિકરા કિરીટભાઈને મેનુ નાનજીભાઈ રાઠોડની પત્ની સાથે આડા સંબંધ હોવાની શંકા હોય. જેનો ખાર રાખી મેનુએ કિરીટભાઈ ઉપર જાનથી મારી નાખવાના ઈરાદે કોઈ હથિયાર વડે માથામાં મારમારી હેમરેજ થઈ ગયેલ અને ઓપરેશન આવે તેવી જીવલેણ અને ગંભીર ઈજા કરતાં માવજીભાઈનો દિકરો હાલ બેસુધ હાલતમાં હોય. તેમજ દિકરાને આડેધડ સપ્ત હથિયારથી મારમારી શરીરે નાની મોટી ઈજા કરી ધમકી આપ્યાની ચલાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# કરિયાણામાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

## જુગારના પટમાંથી પોલીસે રોકડ રૂપિયા ૧૦,૧૮૦ કબ્જે કર્યા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

બાબરા તાલુકાના કરિયાણા ગામે ખંભાળા જવાના રસ્તે સીમ વિસ્તારમાં સરકારી પડતર જમીનમાં ખુલ્લામાં હારજીતનો જુગાર રમતા ભુપત વલ્લભભાઈ જાંબુકીયા, મહેશ લખુભાઈ વિછીંયા, બિચ્છુ જગુભાઈ ઘાઘલને રેઈડ દરમિયાન પો.કોન્સ. નટુભાઈ મકવાણાએ રોકડ રૂપિયા ૧૦,૧૮૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જયારે રેઈડ દરમિયાન પિન્ટુ છનાભાઈ રાઠોડ નાસી છુટયો હતો.

# બાબરા કોટડાપીઠામાં પૈસા પ્રશ્ને બે જુથ વચ્ચે મારામારી

## પાઇપ, લાકડી અને ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે જલ્પાબેન જેઠાભાઈ સોઢડીયા અનુજાતિના ભાઈ દિપકભાઈ ઉર્ફે મેહુલ, જલ્પાબેનને કાકા રામભાઈ ટાભાભાઈ સોઢડીયાના ઘરે મુકવા આવેલ હતો. ત્યારે હિતેષ કાનજીભાઈ ખુમાણ ત્યાં આવીને કહેલ કે મારા બાકીના રહેતા રૂપિયા મને આપી દે જેથી હિતેષને કહેલ કે હાલ મારી પાસે રૂપિયા નથી સગવડતાએ હું તને આપી દઈશ જે મનદુઃખ રાખી જલ્પાબેન તથા ભાઈ દિપક ઉર્ફે મેહુલને ગાળો બોલી હિતેષ કાનજીખુમાણ, દયાબેન હિતેષભાઈ ખુમાણ, કમલેશ કાનજીભાઈ ખુમાણ, મંજુબેન કાનજીભાઈ ખુમાણે ગળુ પકડી નખથી ઉજરડા કરી ઢીકાપાટુ વડે તેમજ લાકડી વડે મારમારી ધમકી આપ્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે દયાબેન હિતેષભાઈ ખુમાણ ઉ.વ.૨૫ના પતિ તથા આરોપીને બે મહિના પહેલા પૈસા પ્રશ્ને ઝઘડો થયેલ હોય. જે મનદુઃખ રાખી દયાબેન પતિ ઘરે જમવા આવતા હતાં. ત્યારે દિપક ઉર્ફે મેહુલ જેઠાભાઈ, ભારતીબેન જેઠાભાઈ સોઢડીયાએ હિતેષભાઈને ગાળો આપી ઝઘડો કરતા દયાબેનને ગાળો બોલવાની ના પાડતા દિપક હાથમાં પાઈપ લઈ દયાબેનના પતિને મારવા જતા પોતે વચ્ચે પડતા માથામાં પાઈપ મારતા નીચે પડી જતાં ભારતીબેને આડેધડ મોઢાના ભાગે જાપટો મારી ધમકી આપ્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### સાવરકુંડલના બાઢડા ગામેથી પરિણીતા ગુમ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે ગામમાં દરણુ દળાવવા જાવ છું તેવું પોતાના બાળકોને કહી ઘરેથી ગુમ થયાનું પતિ મંગાભાઈ ઝાપડાએ સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# નાગેશ્રીમાં પ્રેમસબંધમાં મહિલાના ન્યુડ ફોટા વાયરલ કર્યાની ફરિયાદ

## ન્યુડ ફોટા ઉતારી તેનો વિડીયો બદનામ કરવાના ઇરાદે વાયરલ કર્યા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) નાગેશ્રીમાં રહેતી પરિણીતાને તેના ગામના હિંમત ભાણાભાઈ ડોડીયા સાથે ત્રણ વર્ષ પહેલા પ્રેમ સંબધ હોય અને તે વખતે હિંમત ડોડીયાએ મહિલાની મરજીથી ન્યુડ ફોટાનો વિડીયો પોતાના ફોનમાં ઉતારેલ તે વિડીયો તા.૧૬-૨ના બપોરના કોઈ પણ વખતે હિંમતે પોતાના મોબાઈલ ફોનમાંથી મનસુખ કરશનભાઈ સાગઠીયાએ કોઈ પણ રીતે મેળવી રમેશ હરીભાઈ વાળાએ તે ફોટા તથા વિડીયો મહિલાને બદનામ કરવાના ઈરાદે મોબાઈલ માંથી સોશ્યલ મિડીયામાં વાઈરલ કરી એકબીજાએ મદદગારી કર્યાની નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# દામનગરમાં પ્રૌઢ ઉપર હુમલો

## લોખંડના સળીયા અને ચા ના ડોયા વડે મારમાર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

દામનગરમાં નારાયણભાઈ લક્ષ્મણભાઈ ભાસ્કર ઉ.વ.૪૮ વિજય સાટીયાની મોમાઈ ટી સ્ટોલે ચા પીવા જતાં નારાયણભાઈને ધકકો મારી ગાળો બોલી ઉશ્કેરાઈ લોખંડના સળીયા વડે માથામાં મારમારી ચાનો સ્ટીલનો ડોયો માથાના ડાબા ભાગે મારી ઈજા કર્યાની દામનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના મોટા ઝીઝુંડામાં ગેરકાયદે સોલાર પેનલ ઉભી કરતા ખેડુતોએ કલેકટરશ્રીને આવેદનપત્ર પાઠવ્યું

## ગેરકાયદેસર ઉભી કરાતી પવનચકકીઓ અને સોલાર પ્લાન્ટ બાબતે પુર્વધારાસભ્યશ્રી ઠુંમ્મર દ્વારા મુખ્યમંત્રીને રજુઆત

અમરેલી, સાવરકુંડલા તાલુકાના મોટા ઝીઝુંડા ગામના ખેડુતો દ્વારા ગેરકાયદેસર સોલાર પેનલ એબ્રલ એસપીવીટુ લીમીટેડ કંપની દ્વારા ઉભી કરતા કલેકટરને આવેદનપત્ર પાઠવેલ. કંપની દ્વારા બિનખેતી થયા વગર કોઈપણ પ્રકારની મંજુરી લીધા સિવાય સરકારી જમીનમાં પણ દબાણ કરી સોલાર પ્લાન્ટ ઉભા કરવામાં આવતું હોવાનું તેમજ સાવરકુંડલા નાયબ કલેકટર સહિતના અધિકારીઓ દ્વારા આ કામની સ્થળ મુલાકાત કરેલ હોવા છતા પણ કંપની ઉપર આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાનું તેમજ સોલાર કંપની સાથે આર્થિક વહીવટ કરી કંપનીને પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવતું હોવાથી નાયબ કલેકટર સામે તપાસના આદેશ આપવા તેમજ ગેરકાયદેસર રીતે ચાલતા આ સોલાર પ્લાન્ટને તાત્કાલિક બંધ કરવા આવેદન પાઠવેલ. તેમજ અમરેલી જીલ્લામાં ગેરકાયદેસર ઉભી કરાતી પવનચકકીઓ સામે પગલા ભરવા પુર્વધારાસભ્ય વિરજીભાઈ ઠુંમ્મર દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૬.૩.૨૦૨૪ બુધવાર, સંવંત ૨૦૮૦ મહા વદ અગિયારસ, પૂર્વાષાઢા નક્ષત્ર, વ્યતિપાત યોગ, બવ કરણ આજે સાંજે ૮.૨૭ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે.

### મોટી કંપનીઓના સોદાઓમાં કૈંક મુશ્કેલીઓ ઉભી થતી જોવા મળે

ગોચર ગ્રહો વિષે વિચાર કરીએ તો ૭ માર્ચના કલા શૃંગાર ભોગ વિલાસના ગ્રહ શુક્ર મહારાજ કુંભમાં અને વેપાર વાણિજ્યના સ્વામી બુધ મહારાજ મીનમાં પ્રવેશ કરી રહ્યા છે જે શેરબજાર પર અને આયાત નિકાસ પર અસર કરતા જોવા મળશે વળી લકસરીએસ વસ્તુઓ અને કારનું વેચાણ વધતું જોવા મળશે બુધ મહારાજ મીન રાશિમાં નીચસ્થ બને છે જેથી કેટલીક ડીલ ગણતરી બહારની થતી જોવા મળે વળી મોટી કંપનીઓના સોદાઓમાં કૈંક મુશ્કેલીઓ ઉભી થતી જોવા મળે દરિયાઈ કામકાજ કરતી કોઈ કંપની મુશ્કેલીમાં આવતી જોવા મળે. રાજા સૂર્ય



મહારાજ ૧૪ માર્ચે મીનમાં અને સેનાપતિ મંગળ મહારાજ ૧૫ માર્ચના કુંભ રાશિમાં પ્રવેશ કરશે સૂર્ય મીનમાં ભ્રમણ કરતા સમુદ્ર પર સરકારની નિગરાની વધશે તથા મોટા કન્સાઈન્મેન્ટમાં અને ડ્રગ્સ ની હેરફેર પર કડકાઈ વધશે તો સેનાપતિ મંગળ મહારાજ કુંભ રાશિમાં આવતા વિદેશનીતિમાં ફેરફર જોવા મળશે વળી કેટલાક દેશો સંયુક્ત યુદ્ધ પ્રેક્ટિસ કરતા જોવા મળશે અને યુદ્ધના નવા આયામોની ચર્ચા પણ જોવા મળશે વળી રાજનીતિના ગ્રહ શનિના ઘરમાં મંગળ વાતાવરણને ઓર ગરમાવો આપશે અને નવા નવા સમીકરણ સામે આવતા જોવા મળશે.

મેષ (અ,લ,ઈ) : આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ, પ્રગતિ થાય.
વૃષભ (બ,વ,ઉ) : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, ધાર્યા કામ પાર પાડી શકો .
મિથુન (ક,છ,ઘ) : મનમાં ચીડિયાપણું રહે ,માનસિક વ્યગ્રતા રહે, મન નું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.
કર્ક (ડ,હ) : ભાગીદારીમાં કામ કરતા મિત્રો ને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
સિંહ (મ,ટ) : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
કન્યા (પ ,ઠ ,ણ ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો. દિવસ ખુશનુમા વીતે.
તુલા (ર,ત) : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો ,દિવસ આનંદ માં પસાર કરી શકો.
વૃશ્ચિક (ન ,ય ) : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.
મકર (ખ ,જ ) : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્ત્રિવર્ગને મધ્યમ રહે, કામકાજમાં સફળતા મળે.
કુંભ (ગ ,સ,શ ) : ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.
મીન (દ ,ચ ,ઝ ,થ): નસીબ સાથ આપતું જણાય , આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

# રાજુલાના વિસળયામાં યુવતિને ધમકી આપતા ઝેરી દવા પી લીધી

## યુવકે ભાગી જવાનું કહેતા ના પાડતા ભાઇબહેનને ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

રાજુલા તાલુકાના વિસળીયા ગામે રહેતી યુવતિ તથા તેના જ ગામના શિવા વાઘાભાઈ શિયાળ છેલ્લા ત્રણેક મહિનાથી પરિચયમાં હોય અને યુવતિને ભાગી જવાનું કહેતા યુવતિએ તેના માતા પિતા અને ભાઈની આબરૂ જવાની બીકે ભાગી જવાની ના પાડતા શિવાએ યુવતિ તથા તેના ભાઈને મારી નાખવાની ધમકી આપતા પોતે ઝેરી દવા પી ગયાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાં સુમન સેવા ટ્રસ્ટ દ્વારા ૯ માર્ચે સર્વજ્ઞાતિના સમુહ લગ્ન યોજાશે

## બાલા હનુમાન મંદિર ખાતે સમુહલગ્નનું આયોજન

અમરેલી,

અમરેલી સુમન સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૯-૩ ના ૩૦ મો સર્વજ્ઞાતિ સમુહ લગ્ન બાલ હનુમાન મંદિર બાયપાસ કેરીયા રોડ ખાતે યોજનાર છે. ૧૩ નવદંપતિઓને આશીર્વાદ આપવા સંતો, સર્વજ્ઞાતિ સમાજના રાજકીય આગેવાનો અને ભાઈ બહેનોને પધારવા અને આ સમુહ લગ્નને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ ગોહિલ, પરષોતમભાઈ મકવાણા, સવજીભાઈ ડાભી, રમેશભાઈ ડાભી, શ્રીમતિ રતનબેન બલદાણીયા, ભીખાભાઈ મકવાણા, શંભુભાઈ માલકીયા જહેમત ઉઠાવી રહયા છે.

### અવસાન નોંધ

કરિયાણા

ઠા.સ્વ.લક્ષ્મીદાસભાઈ દયાળજીભાઈ વસાણી નાં પત્ની ગં.સ્વ.રમાબેન ઉ.વ.૯૫ તેઓ નાનાલાલ, પ્રભુદાસભાઈ અને મનહરભાઈ નાં ભાભી તથા સ્વ.વિનોદરાય અને દિલીપભાઈ, કિરણભાઈ નાં માતૃશ્રી નું તા.૪/૩/૨૪ ના અવસાન થયું છે તેમનું ઉઠમણું તા ૮/૩/૨૦૨૪ શુક્રવાર નાં રોજ સાંજે ૪ થી ૬ કરિયાણા મુકામે તેમના નિવાસસ્થાને રાખેલ છે

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૫૦ થી ૧૬૨૩ મગફળી ૯૦૫ થી ૧૨૯૪

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૭૧-૧૨૧૫
શિંગમોટી-૯૦૫-૧૨૯૪
ધાણી-૧૩૦૦-૨૭૬૦
તલસફેદ-૨૨૨૫-૨૭૪૦
તલકાશ્મીરી-૩૮૦૦-૪૧૫૦
એરંડા-૧૦૩૫-૧૦૯૧
ઘઉંટુકડા-૪૧૦-૭૦૦
ઘઉંલોકવન-૪૧૮-૫૫૮
મરચાલાંબા-૯૯૦-૬૨૦૦
ચણા-૯૩૦-૧૨૧૨
કપાસ-૧૦૫૦-૧૬૨૩
રાયડો-૮૩૫-૮૭૨
જીરૂ-૨૦૦૦-૫૧૪૦
ધાણા-૧૨૧૫-૨૦૦૫
સોયાબીન-૮૨૪-૮૨૫
તુવેર-૧૦૪૦-૧૯૫૫
મેથી-૧૦૦૦-૧૨૫૧

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૬૦-૩૨૦
રીંગણા-૩૨૦-૪૦૦
ફલાવર-૨૨૦-૩૦૦
કોબીઝ-૨૦૦-૨૪૦
ટમેટાં-૩૦૦-૪૫૦
વટાણા-૧૦૦૦-૧૧૦૦
ગાજર-૨૦૦-૩૦૦
કારેલા-૪૦૦-૬૦૦
ગલકા-૬૦૦-૩૪૦
કાકડી-૩૦૦-૪૦૦
ગુવાર-૮૦૦-૧૨૨૦
ચોળાલીલા-૮૦૦-૯૦૦
તુરીયા-૪૦૦-૬૦૦
ભીંડો-૫૦૦-૬૦૦
આદુ-૧૭૫૦-૨૧૦૦
કોથમીર-૩૦૦-૫૪૦
મેથીભાજી-૨૨૦-૪૨૦
ટીંડોરા-૪૦૦-૬૦૦
લીમડોમીઠો-૭૦-૧૧૦
મરચાલીલા-૮૦૦-૧૦૪૦
લસણસુકું-૧૮૦૦-૨૬૦૦
લીંબુ-૧૮૫૦-૨૦૦૦
પાલક-૨૨૦-૪૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૩૫-૫૦૭
જુવાર-૬૬૦-૮૬૫
ઘઉં-૪૨૧-૬૧૫
તલસફેદ-૨૭૦૧-૨૭૦૧
ચણા-૯૫૧-૧૧૬૫
સોયાબીન-
જીરૂ-૪૪૦૦-૪૮૭૦
તલપીળા-૩૭૦૦-૩૮૦૧
કપાસ-૧૦૦૦-૧૫૯૦
શીંગ-૧૦૦૦-૧૨૨૫
અજમા-૨૩૫૦-૨૩૫૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૨૯-૬૩૦
ડુંગળીલાલ-૧૨૫-૩૫૪
ડુંગળીસફદે-૨૨૨-૨૭૭
તલસફેદ-૨૬૦૧-૨૮૦૦
મેથી-૧૨૫૧-૧૩૪૨
જીરૂ-૪૭૩૫-૫૧૦૦
ચણા-૭૩૦-૧૧૧૧
નાળીયેર-૪૯૪-૧૬૯૮
મકાઈ-૩૬૨-૩૬૨
કપાસ-૧૧૦૦-૧૪૦૧
સોયાબીન-૮૩૨-૮૩૨

**બાબરા**
કપાસ-૧૩૫૦-૧૬૪૨
ધાણા-૧૨૬૦-૨૨૦૦
ચણા-૧૦૬૧-૧૧૧૯
ઘઉં-૪૪૯-૫૫૧
મેથી-૯૭૦-૧૨૩૦
જીરૂ-૪૨૨૫-૫૨૭૫
તુવેર-૧૩૮૦-૨૦૦૦

**ધારી**
કપાસ-૧૩૦૦-૧૫૭૫
મગફળી-૧૧૩૦-૧૧૩૦
એરંડા-૧૦૭૪-૧૦૭૪
તુવેર-૧૫૪૧-૧૬૯૧
ચણા-૯૭૧-૧૦૮૦
ઘઉં-૪૪૬-૫૪૭
જીરૂ-૪૫૦૦-૪૬૨૫
મેથી-૧૧૭૫-૧૧૭૫
ધાણા-૧૩૦૧-૧૭૦૫

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૨૮૦
તલસફેદ-૨૬૦૦-૨૭૦૦
જીરૂ-૪૩૦૦-૫૫૦૦
તુવેર-૧૫૦૦-૧૯૩૮
કપાસ-૧૨૫૧-૧૬૦૦
ઘઉં-૪૨૫-૬૦૧
મેથી-૧૧૦૦-૧૨૬૧
ધાણા-૧૪૫૧-૨૬૨૧
ચણા-૧૦૨૫-૧૧૨૦
એરડી-૧૦૯૨-૧૧૦૬
સોયાબીન-૭૫૦-૮૪૦

**ખાંભા**
કપાસ-૧૩૯૫-૧૫૭૮
તુવેર-
ચણા-૧૦૪૦-૧૦૭૫
ધાણા-૧૩૫૧-૧૪૫૦
જુવારસફેદ-૭૦૦-૭૦૦
ઘઉં-૫૦૦-૫૦૦
જીરૂ-૪૩૨૦-૪૫૫૫
મગફળી-

**બગસરા**
કપાસ-૧૨૦૦-૧૫૭૫
ધાણી-૧૩૦૦-૧૫૫૧
લસણ-૧૩૦૫-૧૩૦૫
ઘઉંલોકવન-૩૫૨-૪૬૦
ઘઉંટુકડા-૩૫૦-૫૧૮
તુવેર-૧૦૦૦-૧૭૬૫
ચણા-૯૫૫-૧૦૯૬
ધાણા-૯૫૫-૧૫૫૨
રાયડો-૮૫૨-૮૮૦
સોયાબીન-૮૩૫-૮૦૫
મેથી-૭૫૦-૭૫૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૫૦-૭૦૦
દાડમ-૮૦૦-૧૬૦૦
મુસંબી-૫૨૦-૬૪૦
સંતરા-૫૦૦-૮૦૦
કીવી-૪૫૦૦-૬૫૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૨૭૦૦
બોર-૨૦૦-૪૦૦
કેળા-૪૫૦-૫૫૦
પોપૈયા-૩૦૦-૬૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૮૦૦-૩૪૦૦
અનાનસ-૧૧૦૦-૧૩૦૦
અંગુર-૫૦૦-૧૨૦૦

**લીલીયા**
કપાસ-૧૨૦૦-૧૫૬૨

### અમરેલી આજનુ તાપમાન

મહ ।મ તાપમાન ૩૦.૪
ન્યુનતમ તાપમાન ૧૧.૪
ભેજનું પ્રમાણ ૪૬
પવનની ગતિ સરેરાશ-.૩.૨

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

**મેડીકલેઇમ લેતી વખતે જો તમોને**

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેસની સગવડ — સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા — મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા — મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ — YAMAHA FASCINO-125



- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી

● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**

(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते्

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર

પાના નં ૫

તા. ૦૬-૦૩-૨૦૨૪ બુધવાર



**આસ્થા સ્કીન કલીનીક**

ડો. જયશ્રીબેન પટેલ Mo. 99093 18606

ઉપલબ્ધ સારવાર

ખીલ, ખીલના કાળા ડાઘ, ધાધર-ખસ-ખરજવુ, વાળ ખરવા-કસમયે વાળ સફેદ થવા માથામાં ઉંદરી-ખોડો, માથામાં ટાલ પડવી, હર્પીસ-સોરાઇસીસ-ચામડી પરના મસા, મોઢાના ચાંદા, ચહેરાની દાઝ, શીળસ, એલર્જી, ગુમડા, કરોળીયા, સફેદડાઘ, નખ પાકવા જેવા ચામડી, નખ, વાળના રોગોની સારવાર.

સંજીવની કોમ્પલેક્ષ, પહેલો માળ, IDBI બેન્ક પાસે, સ્ટેશન રોડ, અમરેલી.

સમય : સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦, સાંજે ૫-૩૦ થી ૭-૩૦





BAJAJ FINSERV

**આશાપુરા ફર્નીચર**



માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો. ૯૦૩૩૩ ૩૪૬૬૧

૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો

દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


# ચુંટણીની તૈયારીઓથી ધમધમતુ રાજકોટ ભાજપ કાર્યાલય



રાજકોટ લોકસભા બેઠકનાં ભાજપનાં શ્રી પરશોતમભાઈ રૂપાલાની પસંદગી થતા રાજકોટ અને અમરેલી જિલ્લા ભાજપમાં ખુશી છલકાઈ છે. રાજકોટ લોકસભામાં ભાજપનાં ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાનાં આગમનની સાથે જ લોકસભા ચુંટણીની તૈયારીઓથી રાજકોટનું ભાજપ કાર્યલય ધમધમતું થયું છે અને કાર્યકરો, આગેવાનોમાં જોમ અને જુસ્સો વધ્યા છે તે વેળાએ ધારાસભ્ય શ્રી દર્શીતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી મુકેશભાઈ દોશી, સાંસદશ્રી મોહનભાઈ કુંડરિયા, રાજકોટ મેયર શ્રી નાયનબેન પેઢારિયા, રાજકોટ શહેર મહામંત્રી શ્રી મધવભાઈ દવે, શ્રી ધનસુખભાઈ ભંડેરી, શ્રી અશ્વિનભાઈ સાવલિયા, શ્રી કમલેશભાઈ મીરાની, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી વિક્રમભાઈ પૂજારા, શ્રી મનિષભાઈ ભટ્ટ, શ્રી મનીષભાઈ રડીયા, પૂર્વ ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠિયા, શ્રી મયુરભાઈ શાહ, શ્રી રાજુભાઈ ધ્રુવ, ચૂંટણી કાર્યાલય ઈન્ચાર્જશ્રી દશરથભાઈ વાળા, કાર્યાલય ઈન્ચાર્જશ્રી હરેશભાઈ જોશી સહિત અગ્રણીઓ, મહાનુભાવો તસવીરમાં નજરે પડે છે.

## અમરેલીમાં ટ્રેન્ડીંગ કલેકશન શોરૂમનો શુક્રવારથી પ્રારંભ

### નાયબ દંડકશ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી મુકેશભાઇ સંઘાણી અને વિવિધ આગેવાનોની ઉપસ્થિતિમાં ઉદ્દઘાટન

અમરેલી,

અમરેલીમાં જીન્સ ગારમેન્ટસના શોરૂમ ટ્રેન્ડીંગ કલેકશનનો મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિતે તા. ૮ને શુક્રવારે દુકાન નં. ૧૦ ગ્રાઉન્ડ ફ્લોર, અવધ આર્કેડ હરિ રોડ અમરેલી ખાતે ભવ્ય પ્રારંભ થનાર છે. ફોરમલ પેઈન્ટસ, જોબવર્ક જીન્સ અને શર્ટના અદભુત કલેકશન સાથે ભવ્ય શોરૂમનું ઉદઘાટન પ્રસંગે નાયબ દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયા, શ્રી મુકેશભાઈ સંઘાણી, મનિષ સંઘાણી, જિલ્લા પોલીસ પરિવાર, હિન્દુ પરિષદ પરિવાર, શહેર ભાજપ પરિવાર, અશ્વમેઘ ચેરીટેબલ ટ્રસ્ટ પરિવાર, અમરેલી વેપારી મહામંડળ, ટાવર ચોક વેપારી એસો. અવધ ટાઈમ્સ પરિવાર, સુરેશભાઈ ભગત, નગરપાલિકા પરિવાર, બજરંગ દળ પરિવાર, ડિસ્ટ્રીકટ ચેમ્બર્સ અને શકિતગૃપ પરિવાર અને અમરેલી ગારમેન્ટ એસો. અવધ આર્કેડ વેપારી પરિવાર, સાનેપરા એસોસિએટ રાજકોટ, અવિનાશભાઈ ભગત સહિતની ઉપસ્થિતિમાં ભવ્ય ઉદઘાટન સમારોહ યોજાશે. અને નવા સાહસને શુભમકાના પાઠવતા તેમ કિશોરભાઈ ગઢાદરા, પ્રતિકભાઈ ગઢાદરા અને ભાવેશ હાડગરડાએ જણાવ્યું છે.

### ધારી ગીરપુર્વ વનવિભાગ હેઠળની તુલસી શ્યામ રેન્જના

## હનુમાનપુરથી દલડી રોડ પર સિંહ સાથેનો સેલ્ફી વિડીયો વાયરલ કરનાર બે ઝડપાયાં

### બંને આરોપીઓને કોર્ટ સમક્ષ રજુ કરાતા કોર્ટે રિમાન્ડ મંજુર કર્યા



ખાંભા, (રૂચિત મહેતા) ધારી ગીર (પુર્વ) વન વિભાગ હેઠળની તુલસીશ્યામ રેન્જનાં રબારીકા રાઉન્ડના કાર્યવિસ્તારમાં આવતા હનુમાનપુર થી દલડી રોડ પર અનુસુચી-૧ ના વન્યપ્રાણી સિંહ સાથેનો સેલ્ફી વિડીયો સોશિયલ મીડીયા વાયરલ કરી પજવણી કરનાર આરોપીઓની અટક કરી જરૂરી કાર્યવાહિ કરવા બાબત. ધારી ગીર (પુર્વ) વન વિભાગની તુલસીશ્યામ રેન્જના રબારીકા રાઉન્ડના કાર્યક્ષેત્રમાં આવતા ખાંભા તાલુકાના હનુમાનપુર થી દલડી રોડ રેવન્યું વિસ્તાર કે જે વન્યપ્રાણી સિંહનો હેબીટાટ વિસ્તાર છે. જયા વન્યપ્રાણીસિંહ જોવાના ઈરાદે ફોર વ્હીલ ગાડી નંબર:૦૭ ૦૧ ૧૨ ૭૪૬૯ માં આવેલ (૧) રોહીતભાઈ હરીલાલ રાજપુત ઉ.વ. ૨૯ રહે. અમદાવાદ તથા (૨) તેજસભાઈ રાજેન્દ્રસિંહ પરમાર ઉ.વ. ૧૯ રહે. અમદાવાદવાળા એ રસ્તા વચ્ચે કુદરતી અવસ્થામાં બેસેલ વન્યપ્રાણી સિંહની ઉપર ફોર વ્હીલ ગાડીની હેડ લાઇટનો પ્રકાશ ફેકી તથા હોર્ન વગાડી સિંહની નજીક ગાડી લઈ જઈ સિંહને રંજાડવાનો પ્રયત્ન કરી તથા ગાડીમાંથી નીચે ઉતરી સિંહ સાથેનો સેલ્ફી વિડીયો બનાવી સિંહના કુદરતી કાર્યમાં ખલેલ પહોચાડી અમાનવીય ત્રાસ આપી પજવણી કરવા અંગેનો વિડીયો બનાવી તે વિડીયો સોશિયલ મીડીયા (ઈનસ્ટાગ્રામ) માં વાયરલ કરતા નાયબ વન સંરક્ષકશ્રી રાજદીપસિંહ ઝાલા ગીર પુર્વ વનવિભાગ ધારી તથા મદદનીશ વનસંરક્ષક ધારી શ્રી શૈયલેષ ત્રિવેદી અને મદદનીશ વન સંરક્ષક ઉના શ્રી મનીષ ઓડેદરાના માર્ગદર્શનથી રેન્જ ફોરેસ્ટ ઓફીસર સરસીયા શ્રી જયોતીબેન વાજા તથા તેમની ટીમ દવારા આરોપીઓને ડીટેન કરી આરોપીઓને સરસીયા રેન્જ ખાતે હાજર કરી તપાસ કરતા તે ગુન્હો અત્રેની તુલસીશ્યામ રેન્જના રબારીકા રાઉન્ડના કાર્યક્ષેત્રનો હોય તે અન્વયે અત્રેની તુલસીશ્યામ રેન્જ ખાંભાને કબજો સોંપતા આરોપીઓ વિરૂધ્ધ રબારીકા રાઉન્ડ ગુન્હા નંબર:-૦૧/૨૩ ૨૪ તા.૦૫/૦૩/૨૦૨૪ થી વન્યપ્રાણી સંરક્ષણ અધીનીયમ ૧૯૭૨ ની કલમ નંબર:-૯ મુજબ ગુન્હો નોંધેલ છે. અને કાયદેસરની કાર્યવાહી શરૂ છે. બાદમાં નામદાર ખાંભા કોર્ટ સમક્ષ રજુ કરવા આવશે.

### પહેલા પાનાનું
### પેન ડાઉન

કર્મી, સિવીલ હોસ્પિટલ, પાલિકા કર્મચારીઓ, ગ્રામ પંચાયતના કર્મચારીઓ અને મામલતદાર કચેરીના વિવિધ ૧૫ કેડરના તમામ કર્મચારીઓ મળી ૫ હજારથી વધારે કર્મચારીઓ મતદાન કરશે. જુની પેન્શન યોજના સહિતનો સમાધાન ન થાય તો ગાંધીનગર ખાતે મહાપંચાયતનું આયોજન કરાશે તેમ શૈક્ષિક મહાસંઘ દ્વારા જણાવાયું છે.

### અમરેલીના સીનીયર એડવોકેટ શ્રી મુઝફ્ફરહુસેન સૈયદે અભુતપુર્વ દલીલો કરી કેસ જીત્યા

## વીજશોકથી ઘવાયેલ શ્રમીકને પીજીવીસીએલ પાસેથી રૂા. ૩૦ લાખનું વળતર આપતા એડવોકેટ શ્રી સૈયદ

### વીજશોક લાગેલ શ્રમીક પોતાનો ન હોવાનો અને બનાવ ન બન્યાની દલીલ કરેલ અંતે શ્રમીકને રૂા. ૩૦ લાખનું વળતર ચુકવવા લેબર કોર્ટ જજ શ્રી આહુજાનો આદેશ

અમરેલી,

તાલાળા તાલુકાનાં વડાળા ગામનાં ફીરોજભાઈ જુસબભાઈ સમા ગત તા. ૨૪-૮-૧૪નાં રોજ સવારે ૧૦ વાગ્યે ખાંભાનાં ઉમરીયા ગામની સીમમાં પીજીવીસીએલનાં ભાંભલા ઉપર જુના વાયરો કાઢી નવા નાખવાનું કોન્ટ્રાકટર સનરાઈઝ એન્ટરપ્રાઈઝ ખાંભાનાં મજુર તરીકે કામ કરતા હતા ત્યારે બાજુમાંથી પસાર થતી ૧૧ કેવીની લાઈનમાં વાયરો અડી જતા શોક લાગતા થાંભલેથી પટકાતા ગંભીર ઈજાઓ થયેલી જેનું વર્કમેન કમ્પેસેશન એક્ટ મુજબ વળતર મળવા અમરેલી લેબર કોર્ટમાં અરજી કરેલી. આ કામમાં પીજીવીસીએલનાં કોન્ટ્રાકટર સનરાઈઝ એન્ટરપ્રાઈઝનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીએ લાઈનનાં વાયરો બદલવા કોન્ટ્રાક્ટ રાખેલ અને ફીરોજભાઈ તેનો મજુર હતો પરંતુ ઉમરીયા ગામે કોઈ બનાવ બનેલ નથી કે ફીરોજભાઈ તેનો મજુર નથી તેવી તકરાર કરેલી. પીજીવીસીએલે પણ આવો કોઈ બનાવ તેની જાણમાં નથી તથા તેના મજુર ન હતાં તેવી તકરાર ઉઠાવેલી પરંતુ પુરાવાનાં અંતે લેબર જજશ્રી જે.જે.આહુજાએ પડેલ પુરાવાનું વિશ્લેષણ કરી ફીરોજભાઈ કોન્ટ્રાક્ટરનાં મજુર તરીકે કામ કરતા હતા અને પીજીવીસીએલ કંપની પ્રિન્સીપાલ એમ્પ્લોયરની વ્યાખ્યામાં આવતા હોય તમામની વળતર ચુકવા જવાબદારી ઠરાવેલ છે અને ખોડ જોતા ૧૦૦ ટકા અર્નીં કેપેસીટી લોસ ઠરાવી વળતરની રકમ ૧૦,૧૩,૪૯૦ તથા સારવારની રકમ ૧,૨૬,૩૬૭ તથા તે બંને રકમ ઉપર અકસ્માતની તારીખથી એક મહિના



પછીનું ૧૨ ટકા વ્યાજની રકમ તથા ૫૦ ટકા પેનલ્ટીની રકમ રૂા. ૫,૬૭,૪૮ મળી કુલ ૩૦ લાખનું વળતર પ્રિન્સીપાલ એમ્પ્લોયર તરીકે ચુકવવા પીજીવીસીએલ કંપની તથા કોન્ટ્રાક્ટર સનરાઈઝ એન્ટરપ્રાઈઝને સંયુક્ત તેમજ વિભક્ત રીતે ચુકવવા આદેશ કરેલ છે. અરજદાર તરફે જાણીતા એડવોકેટ એમ.જે.સૈયદ રોકાયા હતાં.

## અમરેલી જિલ્લામાં આજે વિકસિત ભારત વિકસિત ગુજરાત - નારી શક્તિ વંદનાનો કાર્યક્રમ યોજાશે

### સમગ્ર રાજ્યમાં વર્ચ્યુઅલ માધ્યમથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે ૧૩ હજારથી વધુ સ્વસહાય જૂથની મહિલાઓને સહાયનું વિતરણ

અમરેલી,

સમગ્ર રાજ્યમાં તા. ૬ માર્ચ, ૨૦૨૪ને બુધવારના રોજ વર્ચ્યુઅલ માધ્યમથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે ૧૩ હજારથી વધુ સ્વ-સહાય જૂથની મહિલાઓને સહાયના વિતરણનો કાર્યક્રમ યોજાશે. રાજ્યમાં અંદાજે ૧ લાખ ૩૦ હજારથી વધુ મહિલાઓને રૂ. ૨૫૦ કરોડથી વધુની સહાયનું વિતરણ કરવામાં આવશે. પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાશે, અને મુખ્યમંત્રીશ્રી પણ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ લાભાર્થીઓને સંબોધિત કરશે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (એનઆરએલએમ) અને રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (એનયુએલએમ) અંતર્ગત સ્વ સહાય જૂથની મહિલાઓને વિવિધ સહાયથી લાભાન્વિત કરવામાં આવશે. અમરેલી જિલ્લાની પાંચ વિધાનસભા દીઠ યોજાનાર અમરેલી જિલ્લામાં પણ વિકસિત ભારત વિકસિત ગુજરાત - નારી શક્તિ વંદના કાર્યક્રમન સુચારુ આયોજનના ભાગરુપે જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી તથા નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં બેઠક પણ યોજવામાં આવી હતી.

## જુનાગઢમાં શિવરાત્રી મીનીકુંભ મેળા બંદોબસ્ત માટે અધિકારી અને કર્મચારીઓને માર્ગદર્શન અપાયું

જુનાગઢ, (હિતેષ પારેખ) જુનાગઢ ભવનાથમાં તા. ૫-૩ થી તા. ૮-૩ સુધી મહાશિવરાત્રી મેળામાં આવનાર ભાવિકોની સલામતી અને સુરક્ષા માટે પોલિસ અધિક્ષક જુનાગઢ દ્વારા કડક બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. કોઈ પણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને અને શાંતિ પુર્વક લોકો મેળો માણી શકે તે માટે ફરજમાં આવનાર પોલિસ અધિકારી અને કર્મચારીઓને ચુસ્ત અમલીકરણ કરવા જરૂરી માર્ગદર્શન અને સુચના આપવામાં આવી હતી. ખીસ્સા કાતરું કે અસામાજીક તત્વો પર સતત પોલિસની નજર રહે તે માટે ૭ વોચટાવર ઉભા કરી રાઉન્ડ ધ કલોક પોલિસ બંદોબસ્ત ગોઠવાયો છે.

## આજે અમરેલી અને રાજુલામાં આપ અને કોંગ્રેસના કાર્યકરો શ્રી પાટીલની ઉપસ્થિતિમાં ભાજપમાં ધુબાકા મારશે

# ભાજપના મેજીકમેન શ્રી સીઆર પાટીલ આજે અમરેલી જિલ્લામાં

### શ્રી પાટીલનો કાર્યક્રમ જાહેર : સવારે ૧૧ થી ૧૨ રાજુલા, ૧ વાગ્યાથી અમરેલીમાં : અમરેલીમાં ભાજપના ઉમેદવાર જાહેર નથી થયા તેવા ટાંકણે શ્રી પાટીલની આજની મુલાકાતને મહત્વપુર્ણ માનતા રાજકીય નિરીક્ષકો

અમરેલી,(ડેસ્કરિપોર્ટર)
ગુજરાત ભાજપના મેજીકમેન ગણાતા શ્રી સીઆર પાટીલ આજે અમરેલી જિલ્લામાં પધારી રહયા છે પ્રદેશમાંથી શ્રી પાટીલનો કાર્યક્રમ જાહેર થયો છે તે અનુસાર સવારે ૧૧ થી ૧૨ રાજુલા, ૧ વાગ્યાથી અમરેલીમાં તેમનો કાર્યક્રમ યોજાઇ રહયો છે રાજુલામાં કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં પ્રવેશ કરશે અને અમરેલીમાં ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરિયા ના કાર્યાલય કર્તવ્યમ ખાતે આપના કાર્યકરો ભાજપમાં પ્રવેશ કરશે.
રાજયમાં હજુ ૧૧ બેઠકો ઉપર ઉમેદવાર જાહેર નથી થયા અને તેમાં અમરેલીમાં પણ ભાજપના ઉમેદવાર જાહેર નથી થયા તેવા ટાંકણે શ્રી પાટીલની આજની અમરેલી જિલ્લાની મુલાકાતને રાજકીય નિરીક્ષકો અને ભાજપ મહત્વપુર્ણ માની રહેલ છે.

## જાહેર આમંત્રણ

વિકસીત ભારત...વિકસીત ગુજરાત...
**નારી શક્તિ વંદના...**
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનાં વરદ હસ્તે (વર્ચ્યુઅલ માધ્યમથી) ૧૩ હજાર થી વધુ સ્વ-સહાય જુથની ૧ લાખ ૩૦ હજાર થી વધુ મહિલાઓને રૂા.૨૫૦ કરોડ થી વધુની સહાય
**ગરીમામયી ઉપસ્થિતિ શ્રી સી.આર.પાટીલ (પ્રમુખશ્રી પ્રદેશ ભાજપ)**
'સખી મંડળો મહિલા સશક્તિકરણની જીવાદોરી છે'.....શ્રી નરેન્દ્રભાઇ મોદી
તારીખ : ૦૬-૦૩-૨૦૨૪ સમય : સવારે ૧૦:૦૦ કલાકે
સ્થળ : માર્કેટયાર્ડ (એપીએમસી)) રાજુલા
-:: નિમંત્રક ::-
**રાજુલા તાલુકા પંચાયત પરિવાર**

### શ્રી ભોરીંગડા પ્રાથમિક શાળા તા.લીલીયા, જી.અમરેલી

## જાહેર હરરાજી

આથી રસ ધરાવતા તમામ ઇસમોને જાણ કરવામાં આવે છે કે, શ્રી ભોરીંગડા પ્રાથમિક શાળામાં જુના ડેડ સ્ટોક વસ્તુઓ રદ્દની જાહેર હરરાજી તા.૧૨-૦૩-૨૦૨૪ને મગળવારનાં રોજ સવારનાં ૧૧:૦૦ કલાકે શ્રી ભોરીંગડા પ્રાથમિક શાળા નાં મેદાનમાં રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઇસમોએ સ્વખર્ચે સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

આ હરરાજીમાં ભાગ લેનારે ડીપોઝીટ પેટે રૂા.૧૦૦૦/- ભરવાનાં રહેશે. ડીપોઝીટ ભરનાર વ્યક્તિ પોતે જ હરરાજીમાં ભાગ લઇ શકશે. સૌથી વધુ બોલી લગાવનારને જ ઇમલો સોંપવામાં આવે છે. હરરાજીની અન્ય શરતો સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે. તેમજ હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓએ પોતાનાં આઇડી પ્રુફ સાથે રાખવાનાં રહેશે.

અધ્યક્ષ / સભ્ય સચિવ
સ્કુલ મેનેજમેન્ટ કમિટી
ભોરીંગડા પ્રા.શાળા

રાજુલાના મહે. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ મરણ અરજી નં. ૨૫૧-૨૦૨૩
અરજદાર : શ્રી શિયાળ નિમુબેન જીવનભાઈ રહે. ચાંચ, તા.રાજુલા
અરજદારના વિ.વ.શ્રી પ્રવિણભાઈ આર.ત્રિવેદી
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી ચાંચ ગ્રામ પંચાયત તા.રાજુલા

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના રહીશ શ્રી શિયાળ નિમુબેન જીવનભાઈએ તેમના પુત્ર નામે શ્રી શિયાળ જગદીશભાઈ જીવનભાઈનો જન્મ તા.૦૧-૦૧-૧૯૯૨ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ પ્રવિણભાઈ આર.ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૦૫-૧૦-૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૪૪-૨૦૨૪............મુ.તા.૦૪-૦૪-૨૦૨૪
અરજદાર : ભાયાભાઈ માણસુરભાઈ ભમ્મર રહે.ઉમરીયા, તા.ખાંભા
અરજદારના વિ.વ.શ્રી જી.એસ.સમા
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ઉમરીયા, તા.ખાંભા, જી.અમરેલી

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર ભાયાભાઈ માણસુરભાઈ ભમ્મર નો જન્મ તા.૨૦-૦૪-૧૯૭૯નાં રોજ મોજે ગામ ઉમરીયા તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પોતાનાં જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૦૪-૦૪-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૪-૦૪-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | (કોર્ટનો સિક્કો) | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

## Name Change

We have changed our name from Old name 1- Lakhabhai Fulabhai Trapsiya, 2- Champaben Lakhabhai Trapsiya, 3- Fulabhai Virjibhai Trapsiya, 4- shantiben Fulabhai Trapsiya to New name 1- Lakhabhai Fulabhai Trapasiya, 2- Champaben Lakhabhai Trapasiya, 3- Fulabhai Virjibhai Trapasiya, 4- shantaben Fulabhai Trapasiya. We have changed our name for all future purposes.

## CHANGE OF NAME

I hereby declare DESAI BATUK MADHABHAI that I have changed my name from DESAI BATUKBHAI MADHABHAI to DESAI BATUK MADHABHAI (new). And henceforth I shall be known as DESAI BATUK MADHABHAI (New)."Signature: DESAI BATUK MADHABHAI
Address : Plot Area, Hanumanpara, village : Saldi, Ta.Liliya, Dis.Amreli - 365535, Gujarat

## નામ બદલાવેલ છે

આથી હું દેસાઇ બટુક માધાભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ દેસાઇ બટુકભાઇ માદાાભાઇ માંથી બદલાવીને દેસાઇ બટુક માધાભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું દેસાઇ બટુક માધાભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.
સહી : દેસાઇ બટુક માદાાભાઇ
એડ્રેસ : પ્લોટ વિસ્તાર, હનુમાનપરા, મુ.સલડી, તા.લીલીયા, જી.અમરેલી - ૩૬૫૫૩૫, ગુજરાત

જય ઉમિયા માતાજી ॐ નમો નારાયણ જય નાગનાથ મહાદેવ
94281 90118
યુવાનોને ક્રેઝી બનાવવાનું સરનામું એટલે...
ઉમિયા ફેશન
એક જ ભાવ
સાઇઝ S TO 5XL
લગ્ન સરાની સીઝનને અનુરૂપ પાર્ટીવેર કલેક્શન
ફોર્મલવેરના સ્પેશ્યાલીસ્ટ
◆ કોટન ટ્રાઉઝર ◆ કેઝ્યુઅલ શર્ટ ◆ જીન્સ
◆ ફેન્સી શર્ટ ◆ ટી-શર્ટ
તેમજ ટ્રેકપેન્ટની વિશાળ રેન્જ જોવા પધારો.
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE I SPARE I INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

દરેક પ્રકારનાં વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝી કૂલર બનાવનાર...
SINCE 1999
ઓથો. ડીલર :
Haier VOLTAS Rockwell HI-FROST BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો. ૯૪૨૬૨ ૮૭૦૯૭

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

... સોનેરી સંબંધો માટે સુવર્ણ ભેટ ...
999 24K Gold Leaf
Car Stand
Wall Decor Frame
Table Frame
₹850 થી શરૂ થતી વિશાળ રેંજ
MGA મધુવન ગોલ્ડ આર્ટ
Since : 2000
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art | madhuvangold.in

સોલર ઓટો કલીનીંગ સિસ્ટમ
શું તમે જાણો છો કે સ્વચ્છ સોલાર પેનલ 30% વધુ ઉર્જા પેદા કરે છે.
સોલાર ધોવાની ઝંઝટમાંથી મુક્તિ
વીજ ઉત્પાદનમાં 20% થી 30% નો વધારો
સમયનો બચાવ
સલામતી
પૈસાની બચત
લાભમ્ એન્ટરપ્રાઇઝ : મો.૯૪૨૮૮ ૮૮૦૯૮

Solar Water Heater
Showers and Savings
Powered by the sun
'આજે નહી તો કાલે, સોલાર વિના નહી ચાલે'
સોલાર વોટર હીટર
Easy to install
On site service
Saves Electricity
Leads To Fast Heating
લાભમ્ એન્ટરપ્રાઇઝ : મો.૯૮૯૮૧ ૧૫૬૩૧
National Portal for Rooftop Solar
રજીસ્ટ્રેશન ચાલુ થઇ ગયું છે.
subsidy ₹:78000
લાભમ એન્ટરપ્રાઇઝ મો.૯૪૨૮૮ ૮૮૦૯૮

## દુઃખદ અવસાન / બેસણું



સ્વ. મંજુલાબેન
ભીખુભાઇ ઘીનોજા
(ઉ.વ.૮૪)
સ્વ.તા.૦૫-૦૩-૨૦૨૪


અમારા માતુશ્રી સોની મંજુલાબેન ભીખુભાઇ માણેકચંદ ઘીનોજા (ઉ.વ.૮૪) તા.૦૫-૦૩-૨૦૨૪ ને મંગળવારનાં રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

**સદ્દગતનું બેસણું**

તા.૦૭-૦૩-૨૦૨૪ ને ગુરૂવારનાં રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.
સ્થળ : બંગલી ચોક, લાલ ના ડેલા પાસે, બગસરા

લી. પ્રફુલભાઇ ભીખુભાઇ ઘીનોજા
લલિતભાઇ ભીખુભાઇ ઘીનોજા
નવનીતભાઇ ભીખુભાઇ ઘીનોજા
ઘીનોજા પરિવારનાં જયશ્રી કૃષ્ણ

## ૨૧મી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



અ.ની.અરજણભાઈ વેલજીભાઈ માંગરોળીયા અક્ષરવાસ તા.૦૬/૦૩/૨૦૦૩
આદ્યસ્થાપકશ્રી બગસરા લેઉવા પટેલ સમાજ, બગસરા નાગરિક સહકારી બેંક
બગસરા જૂથ વિવિધ સહકારી મંડળી, બગસરા માર્કેટયાર્ડ, સમૂહ લગ્નના પ્રણેતા

જીવન એવું જીવ્યા કે ભુલાય નહી, વિદાય એવી લીધી કે કદી વિસરાય નહી, હસતો રાખી ચહેરો ધુપસળી જેવું જીવન જીવી ગયા આપને પરોપકારી સ્વભાવ કદી ભુલાશે નહી, પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.

| | |
|---|---|
| સુરેશભાઈ અરજણભાઇ માંગરોળીયા | શિવલાલભાઈ પ્રેમજીભાઈ ઠુંમર |
| જગદીશભાઈ અરજણભાઇ માંગરોળીયા | રાકેશકુમાર નારણભાઈ સખીયા |
| હરેશભાઈ અરજણભાઇ માંગરોળીયા | હરેશકુમાર બાલુભાઈ દેસાઈ |
| મેહુલ સુરેશભાઈ માંગરોળીયા | દિલીપ કનુભાઈ દેસાઈ |
| ડો.ગુંજન સુરેશભાઈ માંગરોળીયા | બલદેવ શિવલાલભાઇ ઠુંમર |
| જયદીપ જગદીશભાઈ માંગરોળીયા | કૃષ્ણકાંત શિવલાલભાઈ ઠુંમર |
| નીરજ જગદીશભાઈ માંગરોળીયા | હિરેન રાકેશકુમાર સખીયા |
| યશ હરેશભાઈ માંગરોળીયા | પ્રતિક રાકેશકુમાર સખીયા |
| મહર્થ મેહુલભાઈ માંગરોળીયા | પાર્થ હરેશકુમાર દેસાઈ |
| માર્મિક ગુંજનભાઈ માંગરોળીયા | અંશ દિલીપભાઈ દેસાઈ |

NRLM | ગુજરાત સરકાર | DAY-NULM Deendayal Antyodaya Yojna-National Urban Livelihoods Mission

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



# નારી શક્તિ વંદના



માનનીય વડાપ્રધાન
## શ્રી નરેન્દ્રભાઈ મોદી ની
પ્રેરણાથી

## ૧૩ હજારથી વધુ સ્વ-સહાય જૂથની ૧ લાખ 30 હજારથી વધુ મહિલાઓને ₹૨૫૦ કરોડથી વધુની સહાય

માનનીય મુખ્યમંત્રી
## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના
વરદ્‌હસ્તે પ્રદાન કરવામાં આવશે.



## "સખી મંડળો મહિલા સશક્તિકરણની જીવાદોરી છે"
- શ્રી નરેન્દ્રભાઈ મોદી
માનનીય વડાપ્રધાન

તારીખ: ૬ માર્ચ, ૨૦૨૪ I સમય: સવારે ૧૦:૦૦ વાગે I સ્થળ: હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, ગુજરાત

### વિશેષ ઉપસ્થિતિ

**શ્રી બલવંતસિંહ રાજપુત**
માનનીય મંત્રી, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, ગુજરાત

**શ્રી ભરતસિંહજી ડાભી**
માનનીય સંસદસભ્ય (લોકસભા) પાટણ, ગુજરાત

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : DD NEWS ડી ડી ન્યુઝ | CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat